# ક્રોધાવેશમાં માનવી પોતાની સામે ઊભેલા ભગવાનને પણ ઓળખી શકતો નથી

આચમન
બિપિન પટેલ

કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને ઈર્ષ્યા (મત્સર) એ તો માનવીના આંતરિક સૂક્ષ્મ શત્રુઓ છે. જે જીવને સતત હેરાન કરતા રહે છે અને અજ્ઞાની જીવ તેમને પંપાળતો રહે છે. આ ષડરિપુઓમાં ક્રોધ તો માનવીનો પ્રબળ શત્રુ છે. ક્રોધ પ્રબળ અગ્નિ છે. જે જીવને સતત બાળતો રહે છે. ઈચ્છાઓ-કામનાઓ કે વાસનાને ક્રોધ સાથે સીધો સંબંધ છે. જયારે માનવીની ઈચ્છાઓ પૂરી નથી થતી ત્યારે તેના સમગ્ર અંગમાં ક્રોધની અગનજવાળા વ્યાપી જાય છે. ક્રોધાવેશમાં માનવી લગભગ પાગલ બની જાય છે. વિવેકશૂન્ય બની જાય છે. ઉચિત - અનુચિતનું ભાન પણ ગુમાવી દે છે. અતિ ક્રોધ માનવીનું પતન પણ કરી શકે છે. ક્રોધને કારણે ક્રોધી વ્યકિતનું વ્યકિતત્વ નષ્ટ પામે છે. તે સર્વત્ર ઘૃણાને પાત્ર બને છે. તિરસ્કારને પાત્ર બને છે. જ્યારે નમ્રતા અને શાલીનતા સર્વત્ર આવકાર્ય બને છે. પ્રેમને પાત્ર બને છે. ક્રોધાવેશમાં કયારેક એવું પણ બની જાય કે માનવી સામે ઊભેલા ભગવાનને પણ ઓળખી નથી શકતો. ક્રોધાવતાર એવા પરશુરામજીના ઉદાહરણમાં પણ એવું જ બન્યું હતું. પોતાના ગુરુદેવ શિવજીના ધનુષનો ભંગ શ્રીરામે કર્યો છે તે જાણીને તેઓ એટલા તો ક્રોધે ભરાયા કે તેમની નજર સમક્ષ ઊભેલા ભગવાન શ્રીરામને તેઓ ઓળખી જ ન શક્યા. જો તેમણે શાંતિથી વિચાર કર્યો હોત તો તેમને સમજાય ગયું હોત કે આ અસાધારણ શિવધનુષનો ભંગ કરવો એ કોઈ સાધારણ માનવીનું કાર્ય નથી. કોઈ દૈવી શકિત જ એ કરી શકે પરંતુ અહંકાર અને ક્રોધે તેમને અશાંત જ નહીં, આંધળા પણ બનાવી દીધા હતા. પરિણામે તેઓ શ્રીરામને સાધારણ માનવ માનવાની ભૂલ કરી બેઠા.

શ્રી રામચરિત માનસના બાલકાંડનો એ પ્રેરક પ્રસંગ જીવમાત્રને શીખવે છે કે અતિક્રોધ જેવો માનવીનો શત્રુ બીજો કોઈ નથી. તેનાથી દૂર રહેવામાં જ સાર છે. અન્યથા સીતાસ્વયંવર માટે યોજાયેલા ધનુષયજ્ઞમાં ભગવાન શ્રીરામે ધનુષભંગ કર્યો. તેના પ્રચંડ ધ્વનિએ પરશુરામજીના ધ્યાનનો ભંગ કર્યો. જે તેમના અગ્નિ સમાન ક્રોધનું



કારણ બન્યું. આમ પણ પરશુરામજીનો ક્રોધ સર્વત્ર જાણીતો હતો. તેમાં આ તો તેમના ગુરુદેવ શિવજીના ધનુષનો ભંગ થયો હતો. ખલાસ! ધનુષભંગ કરનારનું આવી બન્યું! ‘મારા ગુરુદેવ શિવજીના ધનુષને તોડવાનું દુ:સાહસ કરીને પોતાના મોતને કોણે નિમંત્રણ આપ્યું?’ કહેતા તેઓ જનકજીની સભામાં ધસી ગયા અને ગર્જી ઊઠ્યા. “હું કોણ? બાલ બ્રહ્મચારી અતિ કોહી વિશ્વ બિદિત ક્ષત્રિયકુલ દ્રોહી’’- બાલ બ્રહ્મચારી અને અતિ ક્રોધી એવો હું પરશુરામ કે જેણે આ પૃથ્વીને એકવીસ વાર ક્ષત્રિય રહિત કરી છે. પોતે બાલ બ્રહ્મચારી અને ક્રોધી હોવાનો જાણે તેમને ગર્વ હતો! રાજા જનકજી કંઈ કહે તે પહેલાં જ પરિસ્થિત પામી જતાં શ્રીરામે નમ્રતાપૂર્વક કહ્યું. “એ કાર્ય તમારા જ આ સેવકનું છે. હું જ તમારો અપરાધી છું. આજ્ઞા કરો...’’ પરંતુ પરશુરામજી તો કંઈ સાંભળવાનો હોશ જ ગુમાવી બેઠા હતા. તેઓ અહંકાર અને ક્રોધના વમળમાં એવા તો ફસાયા હતા કે શ્રીરામના સાચા સ્વરૂપને ઓળખી ન શક્યાં. ક્રોધે ભરાયને તેમણે શ્રીરામ તરફ ફરસો ઉગામતા કહ્યું ‘‘હવે તારું આવી બન્યું!’’ લક્ષ્મણજી એ સહન ન કરી શક્યા. તેઓ કઈ કહેવા ગયા. પરશુરામજી વધુ કોધ્રે ભરાયા. ‘‘તું તો કંઈ બોલતો જ નહીં! આ ફરસો તારો સગો નહીં થાય...’’ જો કે આગળ કંઈ અનુચિત બને તે પહેલાં શ્રી રામે બાજી સંભાળી લીધી. પરશુરામજીનું એ દુર્ભાગ્ય હતું કે અતિશય ક્રોધને કારણે પોતાની સામે ઊભેલા ભગવાનને પણ તેઓ ઓળખી ન શક્યા અને સતત દુર્વ્યવહાર કરતા રહ્યા. એ તો ભગવાન શ્રીરામની શાલીનતા હતી કે જેને કારણે ધીમે ધીમે તેમનો ક્રોધ શાંત થયો. અંતે ક્ષમાયાચના કરતાં પરશુરામજીએ કહ્યું, ‘‘અજ્ઞાનતા, અહંકાર અને ક્રોધને કારણે હું આપને ઓળખી ન

> ક્રોધ પ્રબળ અગ્નિ છે. જે જીવને સતત બાળતો રહે છે. ઇચ્છાઓ-કામનાઓ કે વાસનાને ક્રોધ સાથે સીધો સંબંધ છે. જયારે માનવીની ઇચ્છાઓ પૂરી નથી થતી ત્યારે તેના સમગ્ર અંગમાં ક્રોધની અગનજવાળા વ્યાપી જાય છે. ક્રોધાવેશમાં માનવી લગભગ પાગલ બની જાય છે

શક્યો. મને ક્ષમા કરો! ક્રોધાવેશમાં માનવી એવો તો આંધળો બની જાય છે કે સામે ઊભેલા ભગવાનને પણ તે ઓળખી શકતો નથી.

# ઘૂંઘટ કા પટ ખોલ, તોહે પિયા મિલેંગે...

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

સંત કબીર કહે છે: ઘૂંઘટ કા પટ ખોલ, તોહે પિયા મિલેંગે... આ પંક્તિમાં કેટલી સરસ વાત કરી છે. પિયાને પામવા, જોવા આંખો આગળનો ઘૂંઘટનો પડદો હટાવવો પડે.

વાત ખૂબ ગૂઢાર્થ ધરાવે છે. ખૂબ ઊંડાણ ધરાવે છે. કબીર જે ભણ્યા ન હતા પણ ગણ્યા હતા, તેની પાસે એક અબજ આત્મજ્ઞાન હતું. તે તેમની ઉપદેશક વાણીમાં આપણી સમક્ષ મૂકી સંત સાહિત્યમાં અમર થઈ ગયા. અહીં સ્થૂળ અર્થમાં જ ઘૂંઘટ ખોલવાની વાત નથી

> મન ચંચળ છે એમ કહ્યું છે પણ સાવ એવું નથી. એની ચંચળતા પર લગામ કસવી તમારા હાથમાં છે

પણ એક સ્થૂળ અભિવ્યક્તિ સાથે આત્મઅભિવ્યક્તિની વાત પણ છે.

સુહાગરાતે ઘૂંઘટ ઓઢીને બેઠેલી નવોઢાના ઘૂંઘટનો પટ પતિ ખોલે ને મુખદર્શન થાય અને બંને પાત્રો રાજીના રેડ થઈ જાય, એમ મનના આંતરપટલ પર છવાયેલો ધુમ્મસિયો ઘૂંઘટ અહીં દૂર કરવાની વાત છે. આંતરિક ચેતનાનો સાક્ષાત્કર કરવો હોય, ભીતર રહેલાને ઓળખવો હોય તો મનની માયાજાળમાંથી બહાર આવવું પડે. મન ચંચળ છે એમ કહ્યું છે પણ સાવ એવું નથી. એની ચંચળતા પર લગામ કસવી તમારા હાથમાં છે. એને સ્થિર કરવું કે કાબૂમાં રાખવું કદાચ કઠીન ભલે હોય પણ અશક્ય તો નથી જ.

જેણે મન જીત્યું એણે સર્વસ્વ જીત્યું, મન જીતે એ



માળવે જાય. એમ આપણા સંતો, સાધકો, ઋષિઓ દિવ્ય ચેતના પામવા સાધના કરી મનને, આંતર ચેતનાને પરમ તત્ત્વ ભણી વાળતા હતા.

અહીં પિયુમિલનની વાત એટલે પ્રભુપ્રાપ્તિની વાત છે. ઈશ્વરદર્શનની વાત છે, પરમ ચેતનાપ્રાપ્તિની વાત છે, એ માટે માયાના પડદા દૂર કરવા પડે. આંખ (આંતર ચેતના) આગળ છવાયેલું મોહરૂપી ધુમ્મસ દૂર કરવું પડે. દરેક વ્યક્તિમાં કોઈ દિવ્ય તત્ત્વ જરૂર હોય છે. એને ઓળખી સચેત કરી તેને પામવાની કોશિશ એટલે આ ઘૂંઘટપટ ખોલવાનો પ્રયત્ન. પ્રિયતમાના દર્શન કોને પ્રિય ન હોય, એમ પરમતત્ત્વનાં દર્શન પણ કોને પ્રિય ન હોય!!

## સપ્તાહનાં વ્રત-તહેવારો તા.20 થી તા.26 એપ્રિલ-2026



### તા. ૨૦ સોમવાર

વૈશાખ સુદ ત્રીજ, ચોથ ક્ષય તિથિ, વિનાયક ચોથ, સૌર ગ્રીષ્મ ઋતુ પ્રારંભ, જૈન વર્ષીતપનાં પારણાં માતંગી જયંતી, અક્ષય તૃતીયા(સૂર્ય સિદ્ધાંત), શ્રી બાંકેબિહારીજી ચરણદર્શન -વૃંદાવન

### તા. ૨૧ મંગળવાર

વૈશાખ સુદ પાંચમ, શ્રી આદિશંકરાચાર્ય જયંતી, સોમનાથ પ્રતિષ્ઠા દિન. સંત સૂરદાસ જયંતી

### તા. ૨૨ બુધવાર

વૈશાખ સુદ છઠ-:ચંદન છઠ,શ્રી રામાનુજાચાર્ય જયંતી, શ્રી નૃસિંહ નવરાત્રારંભ.

### તા. ૨૩ ગુરુવાર

વૈશાખ સુદ સાતમ, ગંગોત્પત્તિ, ગંગાપૂજન, ગંગા સાતમ

### તા. ૨૪ શુક્રવાર

વૈશાખ સુદ આઠમ-:દુર્ગોષ્ટમી, શ્રી સત્યસાંઇબાબા પુણ્ય દિન. બગલામુખી જયંતી

### તા. ૨૫ શનિવાર

વૈશાખ સુદ નોમ-:સીતા-જાનકી નોમ,શ્રી હરિ જયંતી, વસિષ્ઠ ઋષિ જયંતી.

### તા. ૨૬ રવિવાર,

વૈશાખ સુદ દશમ, વાસવી જયંતી

## સુવિચાર

કબૂલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે

અત્યારની આ દુનિયામાં જેટલું તમે વધુ પોતાનું કરવા જશો એટલા જ તમે વધુ હેરાન થતાં જશો